# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-06-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

*****************************************************

1) રાજ્ય સહિત દેશભરમાં પ્રધાનમંત્રી દ્વારા PM વિકસિત ભારત રોજગાર યોજના અંતર્ગત બે હજાર 400 કરોડ રૂપિયાની પ્રોત્સાહન રકમનું વિતરણ.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારતના યુવાનો આવનારા વર્ષોમાં વિશ્વના વિકાસ, નવીનતા અને ઉદ્યાગસાહસિકતાનું નેતૃત્વ કરશે.

3) ભાવનગરમાં રેગિંગની ફરિયાદ મામલે દોષિત છ વિદ્યાર્થી મેડિકલ કૉલેજમાંથી તાત્કાલિક બરતરફ

4) **અંદાજે 62 હજાર 370 મેટ્રિક ટન LNG ભરેલું માલવાહક જહાજ “દિશા” ભરૂચના દહેજ બંદરે પહોંચ્યું**

5) **રાજ્યભરમાં છ વર્ષમાં દોઢ લાખ યોગ ટ્રેનર્સ તૈયાર કરાયા.**

6) દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં આવતીકાલથી 25 જૂન સુધી સામાન્ય વરસાદની આગાહી

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# REV PM VIKSIT BHARAT ROJGAR YOJANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારતના યુવાનો આવનારા વર્ષોમાં વિશ્વના વિકાસ, નવીનતા અને ઉદ્યાગસાહસિકતાનું નેતૃત્વ કરશે. વિકસિત ભારતનો રસ્તો યુવાનોના સ્વપ્ન, તેમના કૌશલ્ય અને તેમના સામર્થ્યથી પસાર થઈને જાય છે. તેમણે કહ્યું, સમગ્ર વિશ્વ આજે ભારતની યુવાશક્તિની ચર્ચા કરી રહ્યું છે. નવી દિલ્હીથી પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના અંતર્ગત બે હજાર 400 કરોડ રૂપિયાની પ્રોત્સાહન રકમનું વિતરણ કર્યા બાદ સભાને સંબોધતા શ્રી મોદીએ આ વાત કહી. તેમણે આ યોજનાને યુવા અને ઉદ્યોગો વચ્ચે એક મજબૂત સેતુ બનાવનારી યોજના ગણાવી.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)**

# BHUPENDRA YADAV VIKSIT BHARAT

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, ગત 12 વર્ષમાં દેશ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ પર આધારિત શાસન મોડેલ તરફ આગળ વધી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સફળ કાર્યકાળની ઉજવણી નિમિત્તે ગાંધીનગરમાં વિકસિત ભારત સંકલ્પ સંમેલનને સંબોધતા શ્રી યાદવે કહ્યું, સરકારની આ સિદ્ધિઓએ વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારત તરફની સફર માટે મજબૂત પાયો નાખ્યો છે.

(BYTE: BHUPENDRA YADAV, UNION MINISTER) VIKSIT BHARAT

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ભારત હવે વિશ્વની ચોથું સૌથી મોટું અર્થતંત્ર તરીકે ઉભરી આવ્યું છે અને વૈશ્વિક આર્થિક મંદી વચ્ચે પણ ભારતે સ્થિતિસ્થાપક વૃદ્ધિ દર જાળવી રાખ્યો છે. રાષ્ટ્રીય સ્વનિર્ભરતાનો ઉલ્લેખ કરતા શ્રી સંઘવીએ કહ્યું, ભારત એક આયાતકારમાંથી સંરક્ષણ શસ્ત્રોના મુખ્ય નિકાસકાર બન્યું છે. તેમણે માળખાકીય સુવિધાઓના વિકાસની અભૂતપૂર્વ પ્રગતિ પર પણ પ્રકાશ પાડ્યો હતો.

ત્યારબાદ શ્રી યાદવે ગાંધીનગરમાં વિદ્યાસમીક્ષા કેન્દ્રમાં શાળાઓ માટે સંકલિત આદેશ અને નિયંત્રણ કેન્દ્રની મુલાકાત લીધી અનેર આ કેન્દ્રને શિક્ષણના ગુણાત્મક વિકાસ માટે સમગ્ર દેશ માટે મએઓડેલ ગણાવ્યું.

# BHAVNAGAR RAGGING CASE

ભાવનગરમાં મેડિકલ કૉલેજના રેગિંગ – પજવણી મામલે દોષિત વિદ્યાર્થીઓને છાત્રાલયમાંથી હાંકી કાઢવા અને કૉલેજમાંથી બરતરફ કરવાના આદેશ અપાયા. તે મુજબ, એક વિદ્યાર્થીને બે વર્ષ માટે, ત્રણ વિદ્યાર્થીને એક વર્ષ માટે અને બે વિદ્યાર્થીને છ મહિના માટે કૉલેજમાંથી તાત્કાલિક અસરથી બરતરફ કરાયા છે.

સોશિયલ મીડિયા પર એક સંદેશમાં આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ રેગિંગ, માનસિક ત્રાસ, દબાણ, ધમકી કે અન્ય કોઈ પણ અમાનવીય વર્તનનો સામનો કરવો પડે તો એન્ટિ રેગિંગ કમિટી, કૉલેજ તંત્ર કે સંબંધિત સત્તાધિકારીને જાણ કરવા અપીલ કરી છે.

**(BYTE: PRAFUL PANSHERIA, HEALTH MINISTER)**

# CM PATEL NAVSARI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, જનજાતિય કલ્યાણ યોજના ઉમરગામથી અંબાજી સુધીમાં આદિજાતિ પટ્ટાના વિકાસમાં આમૂલ પરિવર્તન લાવશે. નવસારી જિલ્લાની બે દિવસની મુલાકાતે ગયેલા શ્રી પટેલે ખેરગામના પાણીખડક ગામની પ્રાથમિક શાળાના પરિસરમાં રાત્રિસભાને સંબોધતા આ વાત કહી. દરમિયાન તેમણે ગ્રામજનોની સમસ્યાઓ જાણી તેના ત્વરિત નિવારણ માટે સ્થાનિક તંત્રને સૂચના આપી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગ્રામજનોને ભૂગર્ભ જળને વધારવા વધુને વધુ તળાવ બનાવવા તેમજ વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ કરવા જણાવ્યું. તેમણે ખેડૂતોને ખેતી સાથે અન્ય આવક વધારવા પશુપાલનમાં આધુનિક ટેક્નોલૉજીના ઉપયોગથી સંવર્ધન કરવા પણ વિશેષ સૂચન આપ્યું.

# BHARUCH DISHA JAHAJ

અંદાજે 62 હજાર 370 મેટ્રિક ટન LNG ભરેલું માલવાહક જહાજ “દિશા” ભરૂચના દહેજ બંદરે પહોંચ્યું. કતારથી ભારત લવાયેલું આ જહાજ 15 જૂને હોર્મૂઝ સામુદ્રધૂનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયું હતું. અધિકારીઓના જણાવ્યા મુજબ, શિપિંગ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયાન આગેવાની હેઠળ કન્સોર્ટિયમ દ્વારા આ જહાજનું સંચાલન કરાય છે અને તે પેટ્રોનેટ LNG માટે કાર્યરત્ છે. આ LNG કેરિયર દિશા દેશની ઉર્જા સુરક્ષા માટે મહત્વની સાબિત થશે

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# GEETA MANDIR GAS BLAST

અમદાવાદના ગીતા મંદિર વિસ્તારમાં ભારત ગેસ એજન્સીમાં LPG બાટલામાં વિસ્ફોટ થતા બે લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને સિવિલ હૉસ્પિટલ ખસેડાયા છે. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાની થઈ નહતી. સત્તાવાર યાદી મુજબ, સાંજે પોણા પાંચ વાગ્યાની આસપાસ અગ્નિશમન દળની ટુકડીએ ઘટનાસ્થળે પહોંચી આગ કાબૂમાં લીધી હતી. અગ્નિશમન દળ દ્વારા ઘટનાના કારણ અંગે તપાસ હાથ ધરાઈ છે.

# STATE YOGA TRAINERS

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજ્યભરમાં ગત છ વર્ષમાં દોઢ લાખ જેટલા યોગ ટ્રેનર્સ – તાલીમ શિક્ષક તૈયાર કરાયા છે. યોગ બોર્ડના અધ્યક્ષ શિશપાલ રાજપૂતે કહ્યું, આ સમયગાળામાં રાજ્યમાં યોગ શિક્ષણનું વિશાળ નેટવર્ક બન્યું છે. સાથે જ નાગરિકોને ગુણવત્તાયુક્ત માર્ગદર્શન મળી રહે તે માટે 750 યોગ કોચની કાયમી નિમણૂક પણ કરવામાં આવી છે.

ગુજરાત દેશમાં સૌથી વધુ યોગ શિક્ષકો અને યોગવર્ગ ધરાવતું રાજ્ય બની ગયું છે. રાજ્યભરમાં હાલ ચાર હજાર 495થી વધુ નિઃશુલ્ક યોગવર્ગ કાર્યરત્ છે. તેમાં દરરોજ અંદાજે ચારથી પાંચ લાખ નાગરિકો યોગાભ્યાસ કરે છે, તેમ શ્રી રાજપૂતે વધુમાં જણાવ્યું.

# PM 12 YEARS

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારને 12 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમ યોજાઇ રહ્યા છે. તે અંતર્ગત ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં વાપી ખાતે વલસાડ જિલ્લા ભાજપ સંગઠનના પદાધિકારીઓ અને જનપ્રતિનિધિઓની બેઠક યોજાઇ. આ અંગે વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલે પ્રતિક્રિયા આપી

(બાઇટ – ધવલ પટેલ ,સાંસદ ધવલ પટેલ )

પોરબંદરના પ્રભારી મંત્રી કુંવરજી બાવળિયાએ પ્રગતિપથ યાત્રા અંતર્ગત જિલ્લાના વિવિધ વિકાસલક્ષી અને શૈક્ષણિક પ્રકલ્પોની મુલાકાત લઈ સમીક્ષા કરી.

અરવલ્લી જિલ્લામાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી પી.સી.બરંડાના અધ્યક્ષ સ્થાને અને જુનાગઢ જિલ્લામાં ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને વિકસિત ભારત સંકલ્પ સંમેલન અંતર્ગત અંતર્ગત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન યોજાયુ હતું.

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે જનકલ્યાણ શિબિરમાં પી.એમ. સ્વનિધિ યોજના હેઠળ લાભાર્થીઓને સેન્કશન લેટરનું વિતરણ કરાયું હતું.

# WEATHER

દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં આવતીકાલથી 25 જૂન સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જોકે મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય.હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડોક્ટર એકે દાસએ કહ્યું, અમદાવાદ શહેર માટે આજે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે એક-બે વખત વરસાદી ઝાપટાં પડી શકે છે

**(બાઇટ – એ. કે દાસ ,હવામાન વિભાગના વડા)**

દરમિયાન રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં માહત્યમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયશની નીચે આવી ગયુ છે

# RAIN DISTRICT

રાજ્યમાં આજે સાંજે 6 વાગ્યા સુધીમાં 48 તાલુકામાં હળવા થી મધ્યમ વરસાદ થયાના અહેવાલ છે. સતાવર યાદી મુજબ સૌથી વધુ 3 ઇંચ વરસાદ ખેડાના ગળતેશ્વર અને પંચમહાલના કાલોલ તાલુકામાં નોંધાયો.

જ્યારે ભાવનગરમાં સતત આજે બીજા દિવસે સાંજે પવન સાથે વરસાદી ઝાપટાં શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. તો છોટાઉદેપુરમાં ગત બે દિવસથી વરસાદ થતાં ખેડૂતો ડાંગર, મકાઈ, તુવેર સહિતના પાકોનું વાવેતર કરી રહ્યા છે.

નર્મદા જિલ્લાના રાજપીપળા સહિત તિલકવાડા,દેવોલિયા ગરુડેશ્વર ,ડેડીયાપાડા, સાગબારા સહિતના વિસ્તારોમાં પણ આજે ધીમીધારે વરસાદ થયો હતો.